## જોઈએ છે

ટ્રેડિશનલ લાઈનનાં અનુભવી
**સેલ્સમેન, હેલ્પર** તથા
**ઓલ્ટ્રેશન કરી શકે તેવા ટેલરો**

**ડ્રાઈવર**
ફોર વ્હીલરના 5 વર્ષના અનુભવી
વય મર્યાદા : 35 થી 45.

**ખત્રી**
સરેલા શોપીંગ સેન્ટર, ઘોડદોડ રોડ,
સુરત. ફોન : 0261-2650089


### નામ બદલેલ છે

મારૂ નામ **આંચલ** થી બદલીને
**આંચલ અગ્રવાલ** કરેલ છે.
આંચલ અગ્રવાલ, પત્ની આશિષ
રામેશ્વર અગ્રવાલ.
૨૦૪, સિટીઝન ટાવર, આટોપનગર પાસે,
ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૭

## ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઇસ્યુ કરવા સંદર્ભે જાહેર નોટીસ

આથી તમામને જણાવવાનું કે, **વસંતલાલ અંબાલાલ જીનવાલા** હમારા **''નેમીનાથ કો. ઓપ. હોઉસીંગ સોસાયટી લી.''**, (રજી.નં. ઘ-૧૬૦૩૮, તાઃ ૦૭-૦૯-૧૯૯૬), જેનો ટી.પી.સ્કીમ નંઃ ૪, ફા.પ્લોટ નંઃ ૧૬૭, ઉમરા સાઉથ, સુરતના સ્થાપક સભ્ય ચાલ્યા આવ્યા છે. તેઓ સભ્ય તરીકે નેમીનાથ કો. ઓપ. હોઉસીંગ સોસાયટી લી. ના ત્રીજા માળે આવેલ **ફ્લેટ નંઃ ૩૦૪** ધારણ કરતા આવેલા છે. સોસાયટીએ તેઓને રૂ. ૨૫૦/- ના શેર, ૫ નંગ અનુક્રમ નંઃ ૧૩૬ થી ૧૪૦, શેર સર્ટીફીકેટ નંઃ ૨૮ થી ફાળવેલ. તેઓથી સદરહુ શેર ગુમ થયેલ હોવાનું જણાવી હમો પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટની માંગણી કરી છે. સદરહુ અસલ શેર સર્ટીફીકેટ કોઈપણ કારણસર કોઈના પ્રત્યક્ષ કબજામાં હોય યા સદરહુ શેર સર્ટીફીકેટ આપવા અંગે કોઈને વાંધો હોય તો તેઓએ હમોને આથી **દિન-૫** માં લેખીતમાં જણાવવાનું રહેશે. જો મુદતમાં કોઈપણ તરફે કાઇપણ જણાવવામાં આવશે નહીં તો આ અંગે કોઈને વાંધો કે તર-તકરાર નથી અને હોય તો તે છોડી દીધો છે એમ ગણી લઈ મજકુર સભ્યના નામનું ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ આપવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.

પ્રમુખ-સેક્રેટરી,
તાઃ ૦૨/૦૭/૨૦૨૬ નેમીનાથ કો. ઓપ. હોઉસીંગ સોસાયટી લી

## વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ચોરાસી ના મોજે ગામ બોણંદ ના બ્લોક નંબરઃ ૪૧ થી નોંધાયેલ બીનખેતી ની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૧-૪૩-૬૬ ચો.મી કે જેનો ખાતા નંબરઃ ૪૩૪, આકાર રૂા. ૨૫.૯૪ પૈસા સીટી સર્વે ઓફીસ સુરત-૩, સીટી સર્વે વોર્ડ બોણંદ (બીનખેતી) સીટી સર્વે નંબર NA41, શીટ નંબરઃ NA99 વાળી બીનખેતીની જમીન જેના માલીક ટી પોદાર ઇન્ફ્રા ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. તેવી જમીનના માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબ્જેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઇના કબજા હક્ક, ગણોત હક્ક, કોઈપણ વ્યકિત, ઇસમ કે એસોસિએશનનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન, સાટાખત, બાનાખત, વેચાણ કરાર કે અન્ય લખાણો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં સદરહુ જમીનને લગતા તમામ લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે રૂબરૂ મળવુ સદરહું મુદત વિત્યે અને તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે મારા અસીલ સદરહું મિલકતમાં કોઇપણ વ્યકિત, ઇસમ કે એસોસિએશનનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી (વેવ) જતા કરેલ છે તેમ માનીને સદરહું મિલકતનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત મિલકતના માલિકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ જેની આથી લાગતા-વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. સુચના અને ફરમાઇશ અન્વયે

તા. ૦૩/૦૭/૨૦૨૬
ઓફિસઃ ૩૦૫, ગોકુલમ આર્કેડ,
સરથાણા, વરાછા રોડ, સુરત. મોઃ- ૯૫૭૪૫ ૯૩૩૮૫
**શુભમ કાત્રોડિયા**
એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ચોરાસી ના મોજે ગામ બોણંદ ના બ્લોક નંબરઃ ૩૯ થી નોંધાયેલ બીનખેતી ની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૦-૧૩-૧૫ ચો.મી કે જેનો ખાતા નંબરઃ ૪૩૧, આકાર રૂા. ૩.૦૬ પૈસા સીટી સર્વે ઓફીસ સુરત-૩, સીટી સર્વે વોર્ડ બોણંદ (બીનખેતી) સીટી સર્વે નંબર NA39, શીટ નંબરઃ NA99 વાળી બીનખેતીની જમીન જેના માલીક ટી પોદાર ઇન્ફ્રા ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. તેવી જમીનના માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબ્જેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઇના કબજા હક્ક, ગણોત હક્ક, કોઈપણ વ્યકિત, ઇસમ કે એસોસિએશનનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન, સાટાખત, બાનાખત, વેચાણ કરાર કે અન્ય લખાણો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં સદરહુ જમીનને લગતા તમામ લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે રૂબરૂ મળવુ સદરહું મુદત વિત્યે અને તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે મારા અસીલ સદરહુ મિલકતમાં કોઇપણ વ્યકિત, ઇસમ કે એસોસિએશનનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી (વેવ) જતા કરેલ છે તેમ માનીને સદરહું મિલકતનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત મિલકતના માલિકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ જેની આથી લાગતા-વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. સુચના અને ફરમાઇશ અન્વયે

તા. ૦૩/૦૭/૨૦૨૬
ઓફિસઃ ૩૦૫, ગોકુલમ આર્કેડ,
સરથાણા, વરાછા રોડ, સુરત. મોઃ- ૯૫૭૪૫ ૯૩૩૮૫
**શુભમ કાત્રોડિયા**
એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ચોરાસી ના મોજે ગામ બોણંદ ના બ્લોક નંબરઃ ૩૮ થી નોંધાયેલ બીનખેતી ની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૦-૨૨-૨૬ ચો.મી કે જેનો ખાતા નંબરઃ ૪૩૫, આકાર રૂા. ૫.૬૨ પૈસા સીટી સર્વે ઓફીસ સુરત-૩, સીટી સર્વે વોર્ડ બોણંદ (બીનખેતી) સીટી સર્વે નંબર NA38, શીટ નંબરઃ NA99 વાળી બીનખેતીની જમીન જેના માલીક ટી પોદાર ઇન્ફ્રા ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. તેવી જમીનના માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબ્જેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઇના કબજા હક્ક, ગણોત હક્ક, કોઈપણ વ્યકિત, ઇસમ કે એસોસિએશનનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન, સાટાખત, બાનાખત, વેચાણ કરાર કે અન્ય લખાણો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત) માં સદરહુ જમીનને લગતા તમામ લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે રૂબરૂ મળવુ સદરહું મુદત વિત્યે અને તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે મારા અસીલ સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત, ઇસમ કે એસોસિએશનનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી (વેવ) જતા કરેલ છે તેમ માનીને સદરહું મિલકતનો કિમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત મિલકતના માલિકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઇની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ જેની આથી લાગતા-વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. સુચના અને ફરમાઇશ અન્વયે

તા. ૦૩/૦૭/૨૦૨૬
ઓફિસઃ ૩૦૫, ગોકુલમ આર્કેડ,
સરથાણા, વરાછા રોડ, સુરત. મોઃ- ૯૫૭૪૫ ૯૩૩૮૫
**શુભમ કાત્રોડિયા**
એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા ને જણાવવાનું કે, નવસારી ડિસ્ટ્રિકટ, સબ-ડિસ્ટ્રિકટ ગણદેવી, **મોજે દેસાડ** ગામની નીચે કોષ્ટકમાં દર્શાવિલ જૂની શરત ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની જમીન.

| જૂનો બ્લોક/ સર્વે નં. | નવો બ્લોક/ સર્વે નં. | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) | આકાર રૂ./- પૈસા | જમીનનો સત્તા પ્રકાર | ખાતા નંબર |
|---|---|---|---|---|---|
| ૯૭ | ૬૬ | ૩-૯૪-૯૯ | ૨૦.૩૦ | જૂની શરત (ખેતી લાયક) | ૩૯૩ |

ઉપરોકત જમીન **દિલીપભાઈ ઠાકોરભાઈ નાયક** ની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાઓથી મુકત અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈ લાગભાગ, હકક-હિસ્સા, દર-દાવા, જપ્તી, અવલ-જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખિત પુરાવા સહીત દિન-૭ માં તે અંગેનું સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હકક, હિસ્સા કે લાગભાગ, દર-દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિક સાથે જરૂરી વેચાણ અંગેનો વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો ચાલશે નહી તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

ઓફિસ : યુ-૯, હિરલ આર્કેડ,
ન્યુ સિવિલ કોર્ટની સામે, અઠવાલાઈન્સ,
સુરત. મો.૯૮૭૯૨ ૪૦૯૦૯
**વિજય એમ. પટેલ**
તે ખરીદનારના એડવોકેટ

## -: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ તાલુકા મજુરા સીટી શહેર સુરતના મોજે ઉમરા ના રેવન્યુ સર્વે નં. ૧૪૭, ટી.પી. સ્કીમ નં. ૪ (ઉમરા-સાઉથ), ફાયનલ પ્લોટ નં. ૧૦૨ વાળી બીનખેતીની જમીનમાં "રઘુવીર કો.ઓ.હા.સો.લી." હેઠળ પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૩૦ વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ : ૧૨૧-૦૦ ચો.વાર યાને ૧૦૧-૧૭૧ ચો.મી. છે તે બાંધકામ સહીતની મિલકત તથા સદરહુ સોસાયટીના સભ્યપદ, શેર સર્ટીફીકેટ સહીત તથા તે માહેના તથા બહારના તમામ હકક અધિકારો સહીતની મિલકત આનંદપ્રકાશ ચીરંજીલાલ અગ્રવાલ એ પોતાની સ્વતંત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબજા વહીવટ ભોગવટા હેઠળની તેમજ તમામ બોજાઓ મુકત તમામ હકક અધિકાર સહીતની મિલકત વેચાણ બ્યાનાની રકમ સ્વીકારી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ વ્યકિત, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, બોજો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, સોદાચિઠ્ઠી, ભાહુત કે બાનાખત કે સાટાખતના હકક કે અન્ય કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો પોષાતો હોય કે કોઈપણ પ્રકારના લખાણોના અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ અને લેખીત વાંધાઓ સહીત નીચે જણાવેલ સરનામે રૂબરૂ સંપર્ક કરવો, જો તેમ કરવામાં કસુર યા ચૂક થશે તો સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હિત હિસ્સો કે અધિકાર, ચાર્જ, બોજો યા ખોરાકી પોશાકી, ઈઝમેન્ટના હકક અધિકાર રહેલા નથી અને જો રહેલા હોય તો તે મજકુર માલીકના લાભમાં છોડી દીધેલ યાને વેઈવ કરેલ હોવાનું માની લઈ, વેચાણ અવેજની બાકીની રકમ ચૂકવી રજી. વેચાણ દસ્તાવેજ તેમજ સદરહુ જમીન અંગેના જરૂરી અન્ય પાકા લખાણો અમારા અસીલ ધ્વારા કરી કરાવી લેવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૦૩/૦૭/૨૦૨૬

**વાસુદેવ ગોપલાણી**
(૯૮૨૫૧ ૧૩૯૧૧)
**અલ્પેશ ધનસુખભાઈ પટેલ** (૮૮૬૬૫ ૩૫૧૨૩)
તે
**ભાવેશ બાલુભાઈ વણકર** (૯૮૨૫૧ ૦૭૫૮૪)
ખરીદનારના એડવોકેટ્સ
૨૦૪, લીબર્ટી ચેમ્બર્સ, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત. મો. ૯૮૨૫૧ ૦૭૫૮૪

## જાહેર ચેતવણી

આથી લગતા વળગતા તમામને જણાવવાનું કે, બાજુના ફોટા વાળી મારી પુત્રી ''રાધિકા લીલારામ પ્રજાપતિ'' અમારા કહ્યામાં નથી અને અમારી જાણ બહાર પરિવારની મરજી વિરુદ્ધ તેણીએ પોતાની મરજીથી લગ્ન કરી લીધેલ છે. અને પોતાની રીતે પોતે સ્વતંત્ર અને સ્વછંદી જીવન ગુજારી રહેલ છે. જેથી તેણી સાથેના તમામ સામાજિક સંબંધો હમોએ તથા અમારા કુટુંબીજનોએ તોડી નાખેલ છે. અમારા કે અમારા કુટુંબીજનોના તેની સાથે કોઈ પણ પ્રકારના આર્થિક, સામાજિક કે પારિવારિક સબંધો રહેલા નથી. અને તેણીને અમારી તમામ સ્થાવર તથા જંગમ મિલકતોમાંથી બેદખલ કરવામાં આવેલ છે. જેથી તેણી સાથે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓએ અમારા કે અમારા કુટુંબીજનોના નામથી કોઈપણ જાતના સામાજિક, આર્થિક વ્યવહારો કરવા નહિ. જો કોઈ વ્યકિત એવા કોઈ વ્યવહારો કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેવા વ્યવહાર કરનારાઓની રહેશે. અમારા કે અમારા કુટુંબીજનોની કોઈ પણ જવાબદારી રહેશે નહિ જેની ગંભીર નોંધ લેવી.

તારીખઃ ૦૩/૦૭/૨૦૨૬. મારી સુચનાથી લીલારામ સવાજી પ્રજાપતિ

મારી મારફત **નરેન્દ્ર બી. પટેલ** (બકુલ રાજકોટિયા) એડવોકેટ & નોટરી
૪, હંસ સોસાયટી, સોમનાથ હોટલની ઉપર, વરાછા રોડ, સુરત. મો. ૯૮૨૫૫-૯૯૧૮૪

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડી. સુરત, તા.પલસાણા, **મોજે ગામ : નિયોલના બ્લોક નં.૩૫૧/અ/૧,** જેનું ક્ષેત્રફળ હે.૨-૭૮-૮૬ પ્રતિ આરે ચો.મીટર વાળી ખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ પ્રકારનાં હકક સહીતની જમીન **(૧) મોહનભાઈ છગનભાઈ, (૨) તારાબેન મોહનભાઈ પટેલ, (૩) દિવ્યેશભાઈ મોહનભાઈ પટેલ, (૪) અલ્કેશભાઈ મોહનભાઈ પટેલ, (૫) જતીનભાઈ મોહનભાઈ પટેલ**નાએ તેઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈનાં પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવુ સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોકત જમીન માલીક સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની આર્થીક કે કાનુની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૩/૦૭/૨૦૨૬
ઓફીસ :- ૨૦૨, થી ૨૦૪, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી-એફીલ ટાવર રોડ, વરાછારોડ, સુરત. મો.નં. ૯૮૨૪૭-૬૩૮૦૨
**ચંદ્રેશ જે. ગજેરા**
તે ખરીદનારના એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીશ

નવસારી ડીસ્ટ્રીકટ જલાલપોર સબ-ડીસ્ટ્રીકટ, મોજે ગામ **પરુજણ**ના બ્લોક/સર્વે નં.૨૨૪, જુનો બ્લોક/સર્વે નં.૨૦૪, ખાતા નં.૮૮૭, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૨-૭૪-૭૧ ચો.મી., જેનો આકાર **રૂા.૧૮.૪૫** પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન **રાજુભાઈ રામભાઈ પટેલ**ની સ્વતંત્ર માલીકી કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણ અન્ય વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો હકક-હિત- હિસ્સો કે બોજો રહેલો હોય કે કોઈનો કોઈપણ પ્રકારનો દર-દાવો યા ઈઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વગેરેના હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત-હિસ્સો, લાગભાગ, દરદાવો યા ખોરાકી-પોષાકી વગેરેના હકક નથી અને હોઈ તો છોડી દીધેલ છે તેમ ગણી હમારા અસીલ તેઓ પાસેથી વેચાણ સંદર્ભેના વ્યવહાર પુર્ણ કરી રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

ઓ.૫૦૪, આઈકોન બીલ્ડીંગ,
પીપલોદ, સુરત.
મો. ૯૯૭૪૭ ૭૧૦૦
**જોનસન ઈજારદાર**
તે ખરીદનારના એડવોકેટ

## PUBLIC NOTICE

**Under instruction from and on behalf of my clients I hereby issue this public notice to inform all concerned the public that, On date 15/06/2026 a public notice was published in the Gujarat Mitra, Bardoli-Vyara-Bharuch edition, regarding the cancellation of the special power of attorney via advocate Rakesh P. Solanki. The property mentioned in the public notice and via the owners RABUJA SALEY W/D OF MOHAMMAD AMIN RASID LOONAT, NABEEL LOONAT SON OF LATE MOHAMMAD AMIN RASID LOONAT, FIROZ RASID AHMED LOONAT, ZARINA RASHID AHMED LOONAT, SULEMAN RASHID LOONAT, HARUN RASHID AHMED LOONAT, TASLIM RASHID AHMED LOONAT, ZEYN RASHID AHMED LOONAT, ZELILE AHMED SULEMAN SALAJII LOONAT, IMRAN ISMAIL, SHEHNAZ ISMAIL, KURESHA ISMAIL, ZAINOBIA ISMAIL of that property, the power of attorney given to Nileshbhai Dolatbhai Lad, has never been cancelled. The power of attorney is still in force. The public and all concerned should take note of this.**

**HITESH V. DHODIYA ADVOCATE**
Resi. 45-46, Momai Nagar, PunaGam, Surat. (M) 8000750760

## મોજે રાંદેરના સીટિ સર્વે વોર્ડ નં. રાંદેર ના ડો. ઉત્તમરામ સ્ટ્રીટ વિસ્તારમાં આવેલ સીટિ સર્વે નં. ૨૧૫/બ થી નોંધાયેલ મિલકત અનુસંધાને સંબંધી જાહેર નોટીસ

આથી, હરકોઈને જાણ કરવાની કે, મોજે રાંદેરના સીટિ સર્વે વોર્ડ નં. રાંદેર ના ડો. ઉત્તમરામ સ્ટ્રીટ વિસ્તારમાં આવેલ સીટિ સર્વે નં. ૨૧૫/બ, શીટ નં. ૨ અન્વયે નોંધાયેલી મિલકત કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૩૫.૧૭૪૩ ચો.મી. માપવિસ્તાર વાળી ખુલ્લી જમીન સ્વરૂપની મિલકત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હક્ક, હિત તથા હિસ્સા સહીતની મિલકત જે સુરત મહાનગર પાલિકા દફતરે ટેનામેન્ટ નંબર ૦૧૬એ-૦૯-૧૧૯૧-૦-૦૦૧ થી નોંધાયેલ મિલકત હલીમા જૂનેદ અહમદની સ્વતંત્ર માલિક, મુખત્યાર તથા પ્રત્યક્ષ કબજેદાર તરીકે ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી બાના તથા તે ઉપરાંત અવેજ પેટેની રકમ સ્વીકારી સોદો કરેલ છે. ઉપરોકત ધારણકર્તાએ મજકુર મિલકત સંબંધી ટાઈટલની ચકાસણી કરતા તેમના અગાઉની માલિકીનો અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા નોંધણી ફી ની રસીદ કે જેની વિગત નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે, જે ગેરવલ્લે થયેલ હોવાનું તેમણે જણાવેલ છે. આ હકીકતમાં મજકુર મિલકતમાં કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક-હિત યા હિસ્સો યા અન્ય કોઈપણ પ્રકારનો હક્ક હોય તથા આ વેચાણ સામે કોઈ વાંધો હોય તો તેણે પોતાનો દર-દાવો યા વાંધો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં લેખિતમાં વિગતવાર આધાર પુરાવા સહિત મને પહોંચાડવો. જો ઉપરોક્ત મુદ્દતમાં ઉપર મુજબ કોઈ વાંધો નહીં આવે તો મુદ્દત વીત્યે મજકુર વેચાણ સામે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાને વાંધો યા તકરાર નથી અને હોય તો તે જતાં કરેલ છે, એમ માની અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ તર-તકરાર ચાલશે નહીં, જેની લાગતા-વળગતાએ નોંધ લેવી. મિલકત સંબંધી ગેરવલ્લે થયેલ દસ્તાવેજોની વિગત નીચે મુજબ છે.

| નં. | વેચાણ દસ્તાવેજ નં. | રજીસ્ટ્રેશન રસીદ | રજીસ્ટ્રેશન તારીખ |
|---|---|---|---|
| ૧. | ૮૯૧૫ | ૮૯૧૫ | ૦૬/૧૧/૧૯૮૬ |
| ૨. | | ૧૬૫૮૭ | ૨૧/૦૮/૨૦૦૭ |

**કેતન બી. શાહ** તથા **સોયેબ સલીમભાઈ શેખ**
તે ખરીદનારના એડવોકેટ
ઠે. ૨૦૨, ઈશ્વરકૃપા કોમ્પ્લેક્ષ, અઠુગર સ્ટ્રીટ, સેન્ટ્રલ બેંકની સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.

## ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ ધ્રારા આથી જણાવવાનું કે **જી. નવસારી, તા.નવસારીના મોજે : વેજલપોરના રે.સ.નં. ૩૦૮/પૈકી ૨, બ્લોક નં.૩૬૭ થી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૫૯૫૯ ચો.મી. છે તે બિનખેતીની જમીન તેના માલિક ક્રિષ્ણા કૃણાલ મશરૂવાલા તથા પૂજા રોહન મશરૂવાલાએ** હમો પાસે સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપર જણાવેલી મિલકતમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-સાત**માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો મજકુર મિલકતમાં અન્ય કોઈના હકક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે, તેમ ગણી મુદ્દત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલકત અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ,
પાર્લે પોઈન્ટ, સુરત.
હમારી મારફત
**મનિષ જે. ગાંધી**
**હિરેન એચ. પટેલ**
એડવોકેટ

## ધી સુરત ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંક લિ.

રજીસ્ટર્ડ ઓફીસ : જે.પી. રોડ, સુરત. ફોન : ૨૪૬૬૦૦૧, ૨૪૬૬૦૦૨, ૨૪૬૬૦૦૩

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી આ બેંકના સર્વ સભાસદોને જાણ થવા વિનંતી કે બેંકની ૧૧૭ મી વાર્ષિક સાધારણ સભા **તા.૧૯-૦૭-૨૦૨૬ને રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે ''શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર'' ગલતેશ્વર, પો. ટીંબા, તા. કામરેજ, જી. સુરત.** મુકામે મળશે.

બેંકના સને ૨૦૨૫-૨૬ વર્ષના વાર્ષિક અહેવાલો પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા **Book Post** કરવામાં / રૂબરૂ પહોંચાડવામાં આવી રહ્યા છે. સદર અહેવાલો ન મળવાના સંજોગોમાં નજીકની તાલુકા કક્ષાની બેંકની શાખાનો સંપર્ક કરી અથવા રજીસ્ટર્ડ ઓફિસ, જે.પી.રોડ, સુરતનો સંપર્ક કરી મેળવી લેવા વિનંતી.

શુક્રવાર તા. ૦૩-૦૭-૨૦૨૬ **મહાવીરસિંહ પી. ચૌહાણ**
સ્થળ : સુરત. **મેનેજીંગ ડીરેકટર**

## જી. સુરત, તા. ઓલપાડ, મોજે સેલુતના સીટી સર્વે નં. NA૨૫૫/બ વાળી જમીની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકે ઓલપાડના, મોજે ગામ સેલુતના રે.સ.નં./બ્લોક નં. ૨૫૫/બ કે જેનો સીટી સર્વે.નં. NA255/બ ના કુલ ચો.મી. ૧૧૮૮૭.૦૦ ચો.મી. બહુહેતુક ઉપયોગ માટેની બીન ખેતીની ખુલ્લી જમીન તેના માલીક મોદક ગૃપ-એક ભાગીદારી પેઢીના વહીવટકર્તા અરવિંદભાઈ હરીભાઈ ચોટલીયા નાની સ્વંતત્ર માલીકી, કબજા ભોગવટા હેઠળની તથા ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કર્યુ છે. તેથી સદરહુ મિલ્કતમાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હક્ક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઇ કે ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હક્ક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલ્કતમાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હક્ક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ પાકા લખાણો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ તકરાર કે દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફિસ : એસ-૭ થી એસ-૧૦
મેઘધનુષ એપાર્ટમેન્ટ,
અડાજણ પાટીયા, સુરત
Mo. 79841 99799, Mo. 9824704481
SNR ASSOCIATES TRUSTED ADVISOR | SINCE 2005
ખરીદનારના એડવોકેટ્સ
**શૈલેષ એન. રાજપુત** (એડવોકેટ એન્ડ નોટરી)
**શર્મિલ જે. માલી** (એડવોકેટ)

## જમીનોના ટાઈટલ્સ કલીયરન્સ અંગે તથા ગુમ યાને ગેરવલ્લે થયેલ દસ્તાવેજો અંગેની જાહેર નોટીસ

જાહેર જનતાને જણાવવાનુ કે શ્રી નિકેતન એક્સ્ટ્રુઝન-એલએલપી-ભાગીદારી પેઢી એ હમારા અસીલ ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લી. માંથી લોન મેળવવા માટે જરૂરી અરજી કરેલ છે અને તે લોનનાં નાણાંની ચુકવણીની સલામતી માટે નીચે જણાવેલ વિગતની જમીન/મીલકત પણ તેઓ હમારા અસીલ બેંકને શાનગીરોમાં લખી આપવા માંગે છે. પરંતુ સદરહુ જમીન/મીલકતના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો જમીન/મીલકતના ટાઈટલ્સના પેપર્સની ચકાસણી કરતા ગુમ યાને ગેરવલ્લે થયેલ માલુમ પડેલ છે. તેથી સદરહુ જમીન/મીલકત બાબતે કોઈના કોઈપણ પ્રકારના ચાર્જ, ગીરો, બોજો કે લીયનના યા અન્ય કોઈ પ્રકારના હક્ક-હિતો હોય અગર તો નીચે જણાવેલ વિગતના દસ્તાવેજો કોઈપણ વ્યક્તિના કબજામાં ચાલી આવેલ હોય તો તે અંગે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં તેમના લેખિત વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલાવી આપવા. તેમ થવામાં કસૂર થયેથી સદરહુ જમીનમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિતો કે બોજો કે ગીરો કે લીયનના હક્કો નથી અને હોય તો તે વેવ યાને જતા કરેલા હોવાનું ગણી લઈ સદરહુ જમીનના હમારા અસીલ બેંક તેમના લાભમાં જરૂરી રજી.શાનગીરો ખત કરાવી લેશે અને સદરહુ જમીન ઉપર હમારા અસીલ ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લી.નો પ્રથમ ચાર્જ યાને બોજો રહેશે અને કોઈની કોઈપણ જાતની તર-તકરાર હમારા અસીલ બેંકને બંધનકર્તા રહેશે નહી તેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**ગુમ યાને ગેરવલ્લે થયેલ દસ્તાવેજોની યાદી**

એ. જી.સુરતના તા.અરેઠ(જુના તા.માંડવી)ના મોજે ગામ તોગાપુરના રે.સ.નં.૧૨૯/૨ બ્લોક નં.૧૨૯ થી નોંધાયેલ જમીનનો લાલજીભાઈ ત્રિકમભાઈ બલરના નામે થયેલ અને સબરજીસ્ટ્રાર માંડવીની કચેરીમાં તા.૬/૧૧/૧૯૯૮ ના રોજ અનુક્રમ નં.૪૧૪ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજી.ફી ભર્યાની અસલ પહોચ.

બી. જી.સુરતના તા.અરેઠ(જુના તા.માંડવી)ના મોજે ગામ તોગાપુરના રે.સ.નં.૧૨૯/૨ બ્લોક નં.૧૨૯ થી નોંધાયેલ જમીનનો ગણેશભાઈ દેવકરણભાઈ પ્રજાપતિના નામે થયેલ અને સબરજીસ્ટ્રાર માંડવીની કચેરીમાં તા.૧૨/૫/૨૦૦૬ ના રોજ અનુક્રમ નં.૪૯૩ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજી.ફી ભર્યાની અસલ પહોચ.

ઠે. ૩૦૧, શિવમ કોમ્પલેક્ષ,
નાનપુરા, પાલીયા સ્ટ્રીટ,
સુરત
**ભદ્રેશ એ. તમાકુવાળા**
તે ધી સૂરત પીપલ્સ કો. ઓ. બેંક લી.ના એડવોકેટ

## મોજે-વચ્છરવાડ, તા.જી.નવસારી ના રી-બ્લોક નં.૨૦૪ વાળી ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ તાલુકો-નવસારી ના **મોજે-વચ્છરવાડ** ના **જુનો બ્લોક નં.૧૫૬/બ જેનો રી-બ્લોક નં.૨૦૪** જેનું ક્ષેત્રફળ ૦-૪૫-૦૪ હે.આરે.ચો.મી., આકાર રૂા.૫-૫૫ પૈસાવાળી ખેતીની જમીનના માલીક **હિતેન્દ્રભાઈ અમૃતભાઈ પટેલ** કરીને ચાલી આવેલા છે અને તેમનું નામ પણ રેવન્યુ રેકર્ડમાં માલીક અને ધારણકર્તા તરીકે ચાલી આવેલ છે અને તેઓએ મજકુર જમીનના સંપુર્ણ ટાઈટલ ચોખ્ખા, કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજ મજકુર જમીનમાં તેઓ સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેમજ અન્ય કોઈપણ ઈસમનો કબજો ભોગવટો નથી તે અંગેની સંપૂર્ણ ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપીને, મજકુર જમીન હમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં જે કોઈનો વાંધો, હકક, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા ગણોતિયા કે અન્ય કોઈનો કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય અગર તો તબદીલી અંગેના કોઈપણ લખાણો હોય તો તેઓએ દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલ છે તેમ માની હમારા અસીલ મજકુર જમીનનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે અને ત્યારપછી કોઈપણ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઈની કોઈપણ જાતની તરતકરાર કે વાંધો વિરોધ ચાલશે નહિ અને તેવા ઈસમોને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**સંજય જી. લીંબાચીયા** (એડવોકેટ)
ઓફીસ નં.૧૧૧, જોલી પ્લાઝા, અઠવાગેટ સર્કલ, સુરત-૧, મો.નં. ૯૮૨૪૩ ૮૪૬૫૪

## :: જાહેર ચેતવણીનો જવાબ ::

આથી હમો નીચે સહી કરનારા તમોશ્રી દર્શન એમ. બ્રહ્મભટ્ટ તે **અલ્પેશકુમાર મહેશભાઈ પટેલ તથા રાજેશકુમાર મહેશભાઈ પટેલ**ના એડવોકેટ તર્ફે જાહેર ચેતવણી નોટીસ દૈનિક પેપર ગુજરાતમિત્રમાં તારીખ : ૨૫/૦૬/૨૦૨૬ ના રોજ આપેલી. તેના સંદર્ભમાં હમો નર્મદાબેન તે નગીનભાઇ મોરારભાઈની પુત્રીનો લેખિત જવાબ નીચે મુજબ છે.

**મોજે કાછોલ**, તા. ઓલપાડ, જી. સુરતના **ગામતળ**માં આવેલ **ઘર નં. ૩/૮૫** જેનું સુમારે ક્ષેત્રફળ ૫૬૧.૯૪ વાર યાને ૪૬૯.૫૮ ચો.મી. વાળો રહેણાંકનો ખુલ્લો પ્લોટ સને ૨૦૨૫-૨૬ ના ગામ નમુના નં. ૮ મુજબ મિલકત નં. ૯૫, મકાન નં. ૮૫ કે જે મહોલ્લાનું નામ નવું ફળિયું વાળી મિલકતના સ્વતંત્ર માલિક મુખત્યાર અને કબજેદાર તરીકે અમારા અસીલ અલ્પેશકુમાર મહેશભાઈ પટેલ તથા રાજેશકુમાર મહેશભાઈ પટેલનાઓ છે એ હકીકત ખોટી જણાવી જાહેર નોટીસ આપેલ છે. ખરી હકીકતમાં ઉપરોકત મિલકત પ્રચાયત પ્રોપર્ટી દફતરે **મારા અસીલ નર્મદાબેન નગીનભાઈ**નું નામ ચાલી આવેલ છે કે જેઓ **સ્વ. નગીનભાઇ મોરારભાઈ પટેલ**ના **કાયદેસરના પુત્રી** થાય છે. જેથી તલાટીએ કાયદેસર રીતે સીધીલીટીના વારસદાર તરીકે પેઢીનામું બનાવી ઉપરોકત મિલકતમાં નામ ચઢાવેલ છે. આમ હમો કાયદેસરના માલિક મુખત્યાર કબજેદાર ચાલી આવેલ છે. જે જાહેર હકીકત છે. સદરહું મિલકત વડીલોપાર્જીત મિલકત હોય નગીનભાઈ મોરારભાઈને બક્ષીસ કરવાનો કે અન્ય રીતે તબદીલ કરવાનો સંપુર્ણ અધિકાર હતો નહીં આમ કહેવાતો બક્ષીસ લેખ કાયદા મુજબ નલ એન્ડ વોઈડ છે જેનો અમલ કાયદા મુજબ થઈ શકે તેમ નથી મારા અસીલ નર્મદાબેન નગીનભાઈ મોરારભાઈના કાયદેસરના પુત્રી છીએ. ૨૦૦૫ ના હિંદુ વારસા મુજબ હમારા અસીલ કાયદેસર માલિક કબજેદાર વારસાઈ હકકે બનેલા છે. જેમાં અન્ય કોઈ ઇસમનો કોઈ લાગભાગ હકક હિસ્સો ચાલી આવેલ નથી ઉપરોકત મિલકતમાં ફકત નર્મદાબેન નગીનભાઈ પટેલનું નામ ચાલી આવેલું છે જેઓ એકલા માલિક કબજેદાર છે. સદરું જાહેર ચેતવણી બદઈરાદે અમોને મિલકતનો કબજો ખોટી રીતના પડાવી લેવા માટે હાલની આ જાહેર ચેતવણી આપેલ છે જે ખોટી અને રદબાતલ છે. સદર મિલકતમાં અન્ય કોઈ ઇસમનો હકક અધિકાર કે કબજો ચાલી આવેલ નથી. જેની સર્વે વ્યકિતઓએ નોંધ લેવા વિનંતી. (તા. ૦૩/૦૭/૨૦૨૬)

**કમલેશ ડી. પરીખ** તે નર્મદાબેન નગીનભાઇ પટેલના એડવોકેટ
ઓફિસ : ૩૨૮-૩૨૯, ૩જો માળ, સુઘન ચેમ્બર્સ, કરંજ રોડ, મુ.પો.તા. ઓલપાડ, જી.સુરત

## સને ૧૯૮૩ થી જે ભારત દેશમાં આવ્યા જ નથી તેવા જમીનમાલીકોની મોજે - કછોલીમાં સહી ...? વહેંચણ લેખ-વારસાઇ કરનાર ઇસમોના કૃત્યો ગુનાહિત છે.

સુરત, તા. ચોર્યાસી, ગામ કછોલીના બ્લોક નંબર - ૪૩૧ વાળી જમીન અંગે ગામ- કછોલી ખાતે તારીખ - ૦૭/૧૨/૧૯૮૩ નાં રોજ વહેંચણ લેખ તૈયાર કરવામાં આવેલ.

ગામ કછોલીના રહેવાસી **સુલેમાન મુસા હાફેજી** નાઓએ આ જમીન મરીઅમ મહમદ સુલેમાન પાસેથી વહેંચણના લેખના આધારે તેઓના પુત્ર-પુત્રીઓની સંમતિથી માલીકી હકક મેળવેલ છે તેવું આભાસી ચિત્ર ઉભું કરી - વહેંચણ લેખના આધારે આ જમીનના માલીક થયેલા.

ગામ- કછોલીના બ્લોક નં. ૪૩૧ વાળી જમીનના સુલેમાન મુસા હાફેજીએ તૈયાર કરેલ વહેંચણ લેખમાં સહી કરનાર જમીન માલીકો તરીકે (૧) મરીઅમ મહમદ ડોકરાતની વિધવા (ડાબા હાથના અંગુઠાનું નિશાન) (૨) ખતીજા મહમદ સુલેમાન ડોકરાત (૩) અમીના મહમદ સુલેમાન ડોકરાત (૪) સુલેમાન મહમદ ડોકરાત (S.M.Dokart) ની સહીઓ દર્શાવેલ છે. તેમજ, લેખના સાક્ષી તરીકે (૧) હસન અહમદ હાફેજી (૨) હમીદ મહમદ ભુતીયા નું નામ/સહી જણાય છે.

ગામ- કછોલી, બ્લોક નં. ૪૩૧ વાળી જમીનના માલીકોના પાસપોર્ટ/ ગર્વમેન્ટ ડોકયુમન્ટ

**(A) MARIAM DOKRAT - SOUTH AFRICA - D.NO. 07131**
**(B) KHADIJA DOKRAT - SOUTH AFRICA**
**(C) AMINA DOKRAT - SOUTH AFRICA NO.- 250801 004 7058**
**(D) SULEMAN DOKRAT - SOUTH AFRICA- NO. 800 067087**

સને ૧૯૮૩ માં તેઓ ભારત દેશમાં આવ્યા જ નથી. જે તેમના પાસપોર્ટ /ડોકયુમેન્ટ/ ગર્વમેન્ટ ડોકયુમેન્ટથી સ્પષ્ટપણે પુરવાર થાય છે.

**ગામ કછોલી, બ્લોક નંબર - ૪૩૧ માં વહેંચણ લેખના સાક્ષીઓ પૈકી હસન મુસા હાફેજી, ઉ.આ.વ. ૭૯, રહે : ડબી ફળીયુ, કછોલી ગામ નાઓએ પોતાના નામની બોગસ સહી કરેલ હોવાનું સોગંદ ઉપર જણાવેલ છે.**

ગામ - કછોલી, બ્લોક નંબર - ૪૩૧ વાળી જમીનના માલીકો South Africa રહેતા હોઇ તેમની ગેરહાજરીનો ગેરલાભ લઇ સુલેમાન મુસા હાફેજી કે જેઓ **"ડોકરાત પરિવાર"**ના કોઇ સીધી લીટીનાં વારસદારો ન હોવા છતાં પણ **"વહેંચણ લેખ"** બનાવીને જમીન માલીકોની ખોટી - બનાવટી સહીઓ કરી, લેખ તૈયાર કરાવી તેનો સાચાં તરીકે ઉપયોગ કરીને રેવન્યુ રેકર્ડમાં ચેડાં કરી-કરાવીને પોતાને માલીક બનાવેલ છે.

જમીન માલીકોની - સાક્ષીની બનાવટી સહીઓ અને રેવન્યુ રેકર્ડમાં નામફેર કરાવવાની કાયદેસરની કાર્યવાહીને અનુસર્યા વગર રેકર્ડમાં ચેડાં કરવાના કૃત્યો ગુનાહિત સાંકળની કડી સમાન છે.

સુલેમાન હાફેજીના વારસદારોને કથિત જમીન કોભાંડની જાણ હોય તે સ્વભાવિક છે પરંતુ તેઓનું ગંભીર મૌન શંકા સેવે છે.

હાલમાં **હું - મહમદ સુલેમાન ડોકરાત** ભારત આવી તમામ રેવન્યુ રેકર્ડની તપાસ કરી- ગામ- કછોલી ના વડીલો / ધાર્મિક ગુરૂઓને મળી સાચી માહિતી એકત્ર કરી તમામ કસુરવારો વિરૂધ્ધ કાનૂની રાહે કાર્યવાહી શરૂ કરેલ છે.

મારા દાદી- મરીઅમ ડોકરાત, પિતા- સુલેમાન ડોકરાત તથા ફોઇઓ - (૧) ખદીજા ડોકરાત (૨) અમીના ડોકરાત નાઓ સને ૧૯૮૩ ના અરસામાં ભારત આવેલા નથી. સુલેમાન મુસા હાફેજીએ **ડોકરાત** પરિવારનાં સભ્ય નથી તો **વહેંચણ લેખ** કયા સંજોગોમાં બન્યો ?

જમીન પચાવી પાડવાના કૌભાંડની સત્યતા કાયદેસરનાં દસ્તાવેજો બહાર લાવશે.

### ।। सत्य परेशान हो सकता है – पराजीत नही ।।

ગામ કછોલીના બ્લોક નંબર ૪૩૧ વાળી જમીનમાં અમારા હકકોને બાધ આવે તેવા કૃત્યો **સુલેમાન મુસા હાફેજીના વારસદારો (૧) ઈસ્માઈલ સુલેમાન (૨) દાઉદ સુલેમાન (૩) શબ્બીર સુલેમાન (૪) ઈલ્યાસ સુલેમાન (૫) શૌકત સુલેમાન (૬) ઈકબાલ સુલેમાન (૭) જમીલા સુલેમાન** સાથે કરવા-કરાવવા નહીં. અન્યથા કસુર કરનાર તમામને કાનૂની કાર્યવાહીમાં જોતરાવવું પડશે.

આ જાહેર નોટીસની પ્રસિધ્ધી માત્ર .. જાહેર જનતાની જાણ સારૂ તથા જાણતા-અજાણતા વધુ કોઇ નિર્દોષ ઈસમને કાનૂની કાર્યવાહીમાં જોતરાવવું નહીં પડે તેવા શુભ આશય માત્રથી પ્રસિધ્ધ કરેલ છે.

મારી મારફત :
**નીલકંઠ વાય. બારોટ** (એડવોકેટ)
૩૦૩, **॥સત્યમ॥** રિધ્ધી શોપર્સ, સ્ટાર બજાર સામે,
અડાજણ-પાલ રોડ, સુરત. મો.નં. ૯૮૨૫૧૩૧૫૨૩

**મારી સહીથી -**
**Mohamed Suleman Dockrat**
(Passport No. A11435866)
South Africa